# પોલીસ સેવા લંડનની જરૂરતો પૂરી કરે છે તેની ખાતરી કરવી

## એમ.પી.એ. શું છે?

મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટી, લંડનની પોલીસ સેવા પાટનગરમાં રહેતાં લોકોને જે સેવાઓ પૂરી પાડે છે તેના માટે પોતે જવાબદાર રહે તેની ખાતરી કરવા માટે અસ્તિત્વમાં છે.

ઓથોરિટીનું કામ છેઃ

- લંડનમાં જેવી રીતે પોલીસ સેવા પૂરી પાડવામાં આવે છે તેમાં સતત સુધારા કરવાનું નિશ્ચિત કરવું
- લંડનના પોલીસોમાં સમાજનો વિશ્વાસ અને ભરોસો વધારવો
- લંડનના સમાજો પોલીસ પાસેથી શું અપેક્ષાઓ રાખે છે તે જાણવા માટે તેમની સાથે ચર્ચાવિચારણાઓ કરવી
- પોલીસના બજેટના સંચાલન પર દેખરેખ રાખવી
- પોલીસ માટે લક્ષ્યાંકો નક્કી કરતી વાર્ષિક પોલીસ સેવાની યોજના બનાવવી

મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટીએ લંડનનાં લોકો માટે ખરેખરા લાભો પ્રાપ્ત કર્યા છે. સમગ્ર પાટનગરમાં 630 સેફર નેબરહૂડ ટીમો બનાવવા માટે ઓથોરિટી દ્વારા મળેલો ટેકો ઘણો જ અગત્યનો નીવડ્યો હતો. પોલીસ ઓફિસરો અને પોલીસ કમ્યૂનિટી સપોર્ટ ઓફિસરોની બનેલી દરેક ટીમ, સમાજમાં અસામાજિક વર્તન, ગુના થતા રોકવા અને ઘટાડવા તેમજ ગુનાનો ભય ઓછો કરવા માટે સમાજો સાથે મળીને કામ કરવા માટે કૃતનિશ્ચયી છે.

પોલીસ સેવા માટેના વાર્ષિક £3 બિલિયનના બજેટનું આયોજન અને સંચાલન કરવું એ ઓથોરિટીની મુખ્ય જવાબદારીઓમાંની એક છે. લગભગ 78% જેટલું બજેટ કેન્દ્ર સરકાર તરફથી મળે છે, જ્યારે બાકીના પૈસા લંડનમાં મેયર દ્વારા ઊભા કરવામાં આવેલા કાઉન્સિલ ટેક્સમાંથી મળે છે.

આ ઓથોરિટી પોલીસ સેવાની અંદર સમાનતા અને વિભિન્નતાને બઢતી આપે છે અને પાટનગરમાં રહેતાં તેમજ કામ કરતાં બધાં જ લોકો સાથે સન્માનપૂર્વક વ્યવહાર કરવામાં આવે તેની ખાતરી કરવા માટે ભાગીદારીમાં મળીને કામ કરે છે.

## મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટી કેવી રીતે કામ કરે છે

મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટીમાં 23 સભ્યો છે - એટલે કે લંડન એસેમ્બલીનાં ચૂંટાયેલાં 12 સભ્યો, 4 મેજિસ્ટ્રેટો અને 7 સ્વતંત્ર સભ્યો, આ બધાં જ સભ્યોને ચાર વર્ષ માટે નીમવામાં આવે છે.

દરેક સભ્ય લંડનની કોઈને કોઈ બરો સાથે નિકટતાથી જોડાયેલા હોય છે, અને તેઓ સ્થાનિક પોલીસ તેમજ સ્થાનિક રીતે ગુના ઓછા કરવા માટે કામ કરતાં અન્ય લોકો સાથે સંપર્ક વાતચીત કરવા માટે જવાબદાર હોય છે. ઓથોરિટીનું માનવું છે કે લંડનને સૌથી વધારે સલામત શહેર બનાવવા માટેનું અમારું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટેનો એક સૌથી વધારે અસરકારક રસ્તો ભાગીદારીમાં મળીને કામ કરવાનો છે.

આ સભ્યો નિયમિત રીતે કમિટિમાં મળે છે અને પોલીસ સેવાની નીતિની ચર્ચા કરે છે તેમજ કાર્યપ્રદર્શનની તપાસણી કરે છે. તેઓ સુધારા પૂરા પાડે અને લંડનના સમાજોની જરૂરતો પૂરી કરે તેવા ફેરફારોની ભલામણો કરે છે.

## લંડનવાસીઓની વાત સાંભળવી

મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટીની ભૂમિકાનો એક અત્યંત અગત્યનો હિસ્સો, લંડનવાસીઓ સાથે પોલીસ સેવા, તેમની કામગીરી તેમજ તેમાં કેવી રીતે સુધારા કરી શકાય તે વિશે મંત્રણાઓ કરવાનો છે.

આ મંત્રણાઓથી મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટી જાણી શકે છે કે આગામી વર્ષ દરમ્યાન પોલીસ માટે શેને અગ્રતા આપવામાં આવવી જોઈએ.

મંત્રણાઓ આ રીતે કરવામાં આવે છેઃ

- **સેફર લંડન પેનલ**
  લંડનની વસ્તીનું પ્રતિબિંબ પાડતાં પસંદ કરાયેલાં 3,000 લોકોની બનેલી ઓથોરિટીની પોતાની સિટિઝન્સ પેનલ (નાગરિક સમિતિ). લંડનમાં કેવી રીતે પોલીસ સેવા પૂરી પાડવા માટે તે વિશેના અમુક ચોક્કસ મુદ્દાઓ પર આ પેનલનાં લોકો પાસેથી તેમનાં મંતવ્યો માગવામાં આવે છે.
- **દરેક બરોમાં સામાજિક સંડોવણી**
  લંડનની દરેક બરોમાં લોકો તેમના સ્થાનિક પોલીસ સાથે સરળતાથી વાતચીત (કે સંદેશાવ્યવહાર) કરી શકે તે માટેની પદ્ધતિઓ હોય તેની ખાતરી કરવા માટે મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટી કટીબદ્ધ છે.

સામાન્ય રીતે આ 'કમ્યૂનિટી પોલીસ કન્સલ્ટેટિવ ગ્રુપ'ના સ્વરૂપમાં કરવામાં આવે છે, પરંતુ અમુક વિસ્તારોમાં આ માટેની બીજી પદ્ધતિઓ વિકસાવવામાં આવી રહી છે.

મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટી શહેરભરમાં યોજાતા અનેક કાર્યક્રમોમાં ભાગ લે છે અને સામાજિક સંડોવણીને લગતા અનેક કાર્યક્રમોનું પોતે પણ આયોજન કરે છે. આ કાર્યક્રમોની વિગતો અમારી વેબસાઈટ પરથી પ્રકાશિત કરવામાં આવે છે.

## મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટીની જાહેર મીટિંગો

મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટીની કમિટિની મીટિંગોમાં જાહેર જનતાનાં લોકો આવી શકે છે અને તેમાં હાજરી આપવા માટે દરેકને આવકાર છે. આ મીટિંગોની તારીખો, સમયો અને તેના રીપોર્ટો મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટીની વેબસાઈટ પર જાહેર કરવામાં આવે છે અને તે જાહેર લાઈબ્રેરીઓમાંથી પણ મેળવી શકાય છે.

જાહેર મીટિંગના રૂમમાં વ્હીલચેર લઈને આવી-જઈ શકાય છે અને તેમાં લૂપ સિસ્ટમ (બધિરો માટેની ખાસ વ્યવસ્થા) પણ છે. જો પહેલેથી ગોઠવણ કરવામાં આવી હોય તો બી.એસ.એલ. (ઈશારાની ભાષા)ના ઈન્ટરપ્રિટરો તેમજ પેલાનટાઈપિસ્ટો (સાંભળવાની તકલીફવાળાં લોકોની સુવિધા માટે જેમ બોલાતું જાય તેમ ટાઈપ કરતા જાય તેવાં લોકો) જેવી ખાસ સગવડો પણ પૂરી પાડી શકાય છે.

મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટીઃ

- લંડન માટે ખરેખરા ફાયદા પ્રાપ્ત કરી રહી છે
- લંડનવાસીઓ માટે પોલીસ સેવાને ભરોસાપાત્ર બનાવી રહી છે
- લંડનને વિશ્વનું સૌથી વધારે સલામત મહાનગર બનાવવા માટે ભાગીદારીમાં મળીને કામ કરી રહી છે

### *મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટીનો સંપર્ક કરવા માટે (સામાન્ય પૂછપરછ)*

ફોનઃ 020 7202 0202

મિનિકોમઃ 020 7202 0173

ફેક્સઃ 020 7202 0246

ઈમેઈલઃ enquiries@mpa.gov.uk

અથવા આ સરનામે લખોઃ

Enquiries

Metropolitan Police Authority

10 Dean Farrar Street

London SW1H 0NY

# મેટ્રોપોલિટન પોલીસ ઓથોરિટીની માહિતીનું ભાષાંતર

અમારી વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલી માહિતીનું ભાષાંતર અમે આપમેળે જ પૂરું પાડતાં નથી. પરંતુ, જો વિનંતી કરવામાં આવે તો અમે દસ્તાવેજોને તમારી પોતાની ભાષામાં ઉપલબ્ધ કરાવી શકીએ છીએ. અમે શક્ય તેટલી ઝડપથી ભાષાંતરો પૂરાં પાડીશું.

ભાષાંતર માટે વિનંતી કરવા માટે, કૃપા કરીને અહીં સંપર્ક કરોઃ

Online Communications

The Metropolitan Police Authority

10 Dean Farrar Street

London

SW1H 0NY

ઈમેઈલઃ webenquiries@mpa.gov.uk

ફોનઃ 020 7202 0219 (કૃપા કરીને તમારી વિનંતી અંગ્રેજીમાં જણાવો)

મિનિકોમઃ 020 7202 0173

ફેક્સઃ 020 7202 0241